# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Email*suratdeo@gmail.com*, *Web – deosurat.org***

જા.નં.મા-૨/૨૦૨૫/ ૧૩૯૬૩ તા.૨૮/૧૧/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત.

**વિષય:-** વિદ્યાર્થીઓમાં શિક્ષણ અને સંસ્કારના સિંચન માટે "ગીતા મહોત્સવ ૨૦૨૫" અંતર્ગત " હર ઘર ગીતા ઘર ઘર "ગીતા કાર્યક્રમના ભાગરૂપે " ભગવદ્ ગીતા" પરીક્ષાના આયોજન બાબત.

**સંદર્ભ:-** ઇસ્કોન, વરાછાના તા.૨૮/૧૧/૨૦૨૫ના પત્ર.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ઇસ્કોન, વરાછા, સુરત દ્વારા વિદ્યાર્થીઓમાં શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરવામાં આવે તે હેતુથી "ભગવદ્ ગીતા પરીક્ષા" નામનું વિશિષ્ટ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ ભગવાન શ્રીકૃષ્ણના જીવન મૂલ્યો અને ભગવદ્ ગીતા દ્વારા પ્રેરણા પ્રાપ્ત કરીને વિદ્યાર્થીઓમાં મૂલ્ય આધારિત શિક્ષણનો પ્રસાર કરવાનું છે.

આ આયોજન સુરત જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવશે. આ કાર્યક્રમની વિશેષતા તરીકે, ત્રણ તબક્કામાં વિદ્યાર્થીઓની આયોજિત પરીક્ષાઓ દ્વારા કરવામાં આવશે અને મુખ્ય વિજેતાઓને એક વિશેષ કાર્યક્રમ ગોઠવી મહાનુભાવશ્રીના વરદ હસ્તે પુરસ્કૃત કરવામાં આવશે.

પ્રથમ બંને તબક્કાની પરીક્ષા ઓનલાઈન ઓપન બુક રાખવામાં આવી છે. પરીક્ષા સંપૂર્ણપણે ભગવદ્ ગીતામાંથી લેવામાં આવશે જેમાં વિદ્યાર્થી પરીક્ષા સમયે સાથે ભગવદ્ ગીતા રાખીને પણ પરીક્ષા આપી શકે છે.

ત્રણેય તબક્કા પહેલા દરેક વિદ્યાર્થીઓએ એક મોક ટેસ્ટ આપવાની રહેશે જેથી કરીને દરેક વિદ્યાર્થીઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય આગળની પરીક્ષા કેવી રીતે લેવામાં આવશે તેની સંપૂર્ણ માહિતી અને અનુભવ પ્રાપ્ત થશે અને ફાઇનલ ત્રણેય તબક્કાની પરીક્ષા વિદ્યાર્થીઓ ખુબજ સરળતાથી આપી શકશે. આ મોક ટેસ્ટ ગીતા જયંતિ એટલે કે તા.૦૧/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૦૮.૦૦ વાગ્યા થી રાતના ૧૨.૦૦ વાગ્યા સુધી આપી શકાશે.

આયોજનની વિગતો :

**પ્રથમ તબક્કો:** ધોરણ ૬ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ માટે તા.૦૭/૧૨/૨૦૨૫ ને રવિવારે સવારે ૦૮.૦૦ થી રાત્રે ૦૮.૦૦ સુધી ઓનલાઇન ઓપન બુક પરીક્ષા.

પ્રશ્નપત્ર: ૩૦ ગુણનું વૈકલ્પિક પ્રશ્નો આધારિત (સમય મર્યાદા: ૩૦ મિનિટ)

પ્રથમ તબક્કામાં જે વિદ્યાર્થીઓ ૨૨ કે તેથી વધારે ગુણ પ્રાપ્ત કરે છે, તે જ વિદ્યાર્થીઓ જ બીજા તબક્કાની પરીક્ષા આપી શકશે.

**પ્રથમ તબક્કાના પરિણામ બાદ:**

પ્રથમ તબક્કાની પરીક્ષા આપેલ તમામ વિદ્યાર્થીઓમાંથી પ્રથમ 15,000 ઇનામ રૂપે ઇસ્કોન દ્વારા દરેક વિદ્યાર્થીઓને ગીતાસાર આપવામાં આવશે. જે આપના શાળા વિકાસ સંકુલ પરથી આપની શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા દીઠ મેળવી લેવાના રહેશે. દરેક સંકુલ પ્રમાણે એક પ્રતિનિધિ એમ 14 પ્રતિનિધિ તેમના સંપર્ક સાથે સૂચિ આપવામાં આવશે તે મુજબ ગીતાસાર પ્રાપ્ત કરવાની રહેશે.આ પંદર હજાર વિદ્યાર્થીઓના નામની યાદી whatsapp ચેનલ (ISKCON Varachha Official) પર પ્રસારિત કરવામાં આવશે.

**બીજો તબક્કો:** જે વિદ્યાર્થીઓને પ્રથમ પરીક્ષામાં 22 કે તેથી વધારે ગુણ પ્રાપ્ત થયા હોય તે વિદ્યાર્થીઓ માટે તા.૧૪/૧૨/૨૦૨૫ અને રવિવારના રોજ સવારે 8:00 વાગ્યાથી રાત્રે 8:00 વાગ્યા સુધી ઓનલાઇન પરીક્ષા આપવાની રહેશે, આ પરીક્ષાનું પ્રશ્નપત્ર ૫૦ ગુણનું (સમય મર્યાદા: ૧ કલાક).

**બીજા તબક્કા બાદ:** બીજા તબક્કામાં પરીક્ષા આપેલા 15,000 વિદ્યાર્થીઓમાંથી પ્રથમ 210 વિદ્યાર્થીઓની (ધોરણદીઠ 30) તૃતીય તબક્કા માટે પસંદગી કરવામાં આવશે.
આ યાદી whatsapp ચેનલ (ISKCON Varachha Official) પર પ્રસારિત કરવામાં આવશે.

**તૃતીય તબક્કો:** બીજા તબક્કાની પરીક્ષા માંથી પસંદ થયેલા ૨૧૦ વિદ્યાર્થીઓ માટે તા.૨૧/૧૨/૨૦૨૫ ને રવિવાર ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ટી. એન્ડ ટી.વી. હાઈસ્કૂલ, નાનપુરા ખાતે ઓફલાઈન પરીક્ષા લેવામાં આવશે. પ્રશ્નપત્ર: લેખિત અને વૈકલ્પિક પ્રશ્નો આધારિત (૫૦ ગુણ).

**ત્રીજા તબક્કા બાદ:** 210 વિદ્યાર્થી માંથી પરિણામ સ્વરૂપે ધોરણ ૬ થી ૯ અને૧૦ તથા ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓમાંથી પ્રથમ ત્રણ ત્રણ મળી કુલ ૯ વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવશે. દરેક વિદ્યાર્થીઓને ઓનલાઇન માધ્યમથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

વિજેતાઓ માટે પુરસ્કાર:

પ્રથમ ક્રમાંક: લેપટોપ - Primebook 2 Neo 2025 (New Launch)

દ્વિતીય ક્રમાંક: ટેબલેટ – Nokia T10 Android 12 Tablet with 10.3 Inch Screen

તૃતીય ક્રમાંક: બેગ - Multi-purpose Travelling Bag (Red Lemon Titan Bag)

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ISKCON
VARACHHA



# International Society for Krishna Consciousness



Founder Acharya : His Divine Grace A.C. Bhaktivedanta Swami Prabhupada

Opp. Bhawani Mata Mandir, Matawadi Circle, L.H. Road, Varachha, Surat-395 006.
Email : iskconvarachha@gmail.com


Date: 28th November, 2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો: સુરત.

વિષય: વિદ્યાર્થીઓમાં શિક્ષણ અને સંસ્કારના સિંચન માટે ગીતા મહોત્સવ 2025 અંતર્ગત હર ઘર ગીતા ઘર ઘર ગીતા કાર્યક્રમના ભાગરૂપે "ભગવદ્ ગીતા" પરીક્ષાના આયોજન બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ઇસ્કોન, વરાછા, સુરત દ્વારા વિદ્યાર્થીઓમાં શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરવામાં આવે તે હેતુથી "ભગવદ્ ગીતા પરીક્ષા" નામનું વિશિષ્ટ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ ભગવાન શ્રીકૃષ્ણના જીવન મૂલ્યો અને ભગવદ્ ગીતા દ્વારા પ્રેરણા પ્રાપ્ત કરીને વિદ્યાર્થીઓમાં મૂલ્ય આધારિત શિક્ષણનો પ્રસાર કરવાનું છે.

આ આયોજન સુરત જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવશે. આ કાર્યક્રમની વિશેષતા તરીકે, ત્રણ તબક્કામાં વિદ્યાર્થીઓની આયોજિત પરીક્ષાઓ દ્વારા કરવામાં આવશે અને મુખ્ય વિજેતાઓને એક વિશેષ કાર્યક્રમ ગોઠવી મહાનુભાવશ્રીના વરદ હસ્તે પુરસ્કૃત કરવામાં આવશે.

પ્રથમ બંને તબક્કાની પરીક્ષા ઓનલાઈન ઓપન બુક રાખવામાં આવી છે. પરીક્ષા સંપૂર્ણપણે ભગવદ્ ગીતામાંથી લેવામાં આવશે જેમાં વિદ્યાર્થી પરીક્ષા સમયે સાથે ભગવદ્ ગીતા રાખીને પણ પરીક્ષા આપી શકે છે.

ત્રણેય તબક્કા પહેલા દરેક વિદ્યાર્થીઓએ એક મોક ટેસ્ટ આપવાની રહેશે જેથી કરીને દરેક વિદ્યાર્થીઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય આગળની પરીક્ષા કેવી રીતે લેવામાં આવશે તેની સંપૂર્ણ માહિતી અને અનુભવ પ્રાપ્ત થશે અને ફાઇનલ ત્રણેય તબક્કાની પરીક્ષા વિદ્યાર્થીઓ ખુબજ સરળતાથી આપી શકશે. આ મોક ટેસ્ટ ગીતા જયંતિ એટલે કે તા.૦૧/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૦૮.૦૦ વાગ્યા થી રાતના ૧૨.૦૦ વાગ્યા સુધી આપી શકાશે.

આયોજનની વિગતો :
પ્રથમ તબક્કો: ધોરણ ૬ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ માટે તા.૦૭/૧૨/૨૦૨૫ ને રવિવારે સવારે ૦૮.૦૦ થી રાત્રે ૦૮.૦૦ સુધી ઓનલાઇન ઓપન બુક પરીક્ષા.
પ્રશ્નપત્ર: ૩૦ ગુણનું વૈકલ્પિક પ્રશ્નો આધારિત (સમય મર્યાદા: ૩૦ મિનિટ)

પ્રથમ તબક્કામાં જે વિદ્યાર્થીઓ ૨૨ કે તેથી વધારે ગુણ પ્રાપ્ત કરે છે, તે જ વિદ્યાર્થીઓ જ બીજા તબક્કાની પરીક્ષા આપી શકશે.

For International Society
For Krishna Consciousness (ISKCON)

Authorised Signatory



ISKCON
VARACHHA

# International Society for Krishna Consciousness

**Founder Acharya : His Divine Grace A.C. Bhaktivedanta Swami Prabhupada**



Opp. Bhawani Mata Mandir, Matawadi Circle, L.H. Road, Varachha, Surat-395 006.
| Email : iskconvarachha@gmail.com

પ્રથમ તબક્કાના પરિણામ બાદ:

પ્રથમ તબક્કાની પરીક્ષા આપેલ તમામ વિદ્યાર્થીઓમાંથી પ્રથમ 15,000 ઇનામ રૂપે ઇસ્કોન દ્વારા દરેક વિદ્યાર્થીઓને ગીતાસાર આપવામાં આવશે. જે આપના શાળા વિકાસ સંકુલ પરથી આપની શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા દીઠ મેળવી લેવાના રહેશે. દરેક સંકુલ પ્રમાણે એક પ્રતિનિધિ એમ 14 પ્રતિનિધિ તેમના સંપર્ક સાથે સૂચિ આપવામાં આવશે તે મુજબ ગીતાસાર પ્રાપ્ત કરવાની રહેશે.આ પંદર હજાર વિદ્યાર્થીઓના નામની યાદી whatsapp ચેનલ (ISKCON Varachha Official) પર પ્રસારિત કરવામાં આવશે.

બીજો તબક્કો: જે વિદ્યાર્થીઓને પ્રથમ પરીક્ષામાં 22 કે તેથી વધારે ગુણ પ્રાપ્ત થયા હોય તે વિદ્યાર્થીઓ માટે તા.૧૪/૧૨/૨૦૨૫ અને રવિવારના રોજ સવારે 8:00 વાગ્યાથી રાત્રે 8:00 વાગ્યા સુધી ઓનલાઇન પરીક્ષા આપવાની રહેશે, આ પરીક્ષાનું પ્રશ્નપત્ર ૫૦ ગુણનું (સમય મર્યાદા: ૧ કલાક).

બીજા તબક્કા બાદ: બીજા તબક્કામાં પરીક્ષા આપેલા 15,000 વિદ્યાર્થીઓમાંથી પ્રથમ 210 વિદ્યાર્થીઓની (ધોરણદીઠ 30) તૃતીય તબક્કા માટે પસંદગી કરવામાં આવશે.
આ યાદી whatsapp ચેનલ (ISKCON Varachha Official) પર પ્રસારિત કરવામાં આવશે.

તૃતીય તબક્કો: બીજા તબક્કાની પરીક્ષા માંથી પસંદ થયેલા ૨૧૦ વિદ્યાર્થીઓ માટે તા.૨૧/૧૨/૨૦૨૫ ને રવિવાર ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ટી. એન્ડ ટી.વી. હાઈસ્કૂલ, નાનપુરા ખાતે ઓફલાઈન પરીક્ષા લેવામાં આવશે. પ્રશ્નપત્ર: લેખિત અને વૈકલ્પિક પ્રશ્નો આધારિત (૫૦ ગુણ).

ત્રીજા તબક્કા બાદ: 210 વિદ્યાર્થી માંથી પરિણામ સ્વરૂપે ધોરણ ૬ અને 7 તથા 8 થી ૧૦ તથા ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓમાંથી પ્રથમ ત્રણ મળી કુલ ૯ વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવશે.

વિજેતાઓ માટે પુરસ્કાર:
પ્રથમ ક્રમાંક: લેપટોપ - Primebook 2 Neo 2025 (New Launch)
દ્વિતીય ક્રમાંક: ટેબલેટ – Nokia T10 Android 12 Tablet with 10.3 Inch Screen
તૃતીય ક્રમાંક: બેગ - Multi-purpose Travelling Bag (Red Lemon Titan Bag)

આ કાર્યક્રમમાંથી વિદ્યાર્થીઓના જીવનમાં ભગવદ્ ગીતાની શિક્ષાઓની દિવ્ય અખંડ જ્યોતિ પ્રગટ થશે તથા ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં ગીતાના જે પાઠો છે તેમાં સિદ્ધિ હાંસલ થશે એવી અમે આશા રાખીએ છીએ. દરેક વિદ્યાર્થીઓને ઓનલાઇન માધ્યમથી પ્રમાણપત્ર આપવામાં આવશે. આ ગીતા મહોત્સવની અનુમતિ આપવા માટે નમ્ર વિનંતી છે.

For International Society
For Krishna Consciousness (ISKCON)

Authorised Signatory

સંકલન:
ઇસ્કોન વરાછા સુરત

# આંતરરાષ્ટ્રીય કૃષ્ણ ભાવનામૃત સંઘ



## સંસ્થાપક આચાર્ય : શ્રીલ અભયચરણારવિંદ ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ

ISKCON VARACHHA

# ગીતા મહોત્સવ ૨૦૨૫

**હર ઘર ગીતા, ઘર ઘર ગીતા**

**માત્ર ધોરણ 6 થી 12 ના વિધાર્થી માટે જ**



## જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરતના સહયોગથી...

## ગુજરાતના ઇતિહાસમાં સૌ પ્રથમવાર સુરતમાં ધોરણ ૬ થી ૧૨ ના વિધાર્થીઓને અનેરી તક

ઈસ્કોન-વરાછા, સુરત અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત દ્વારા શ્રીમદ્ ભગવદ ગીતા મહોત્સવ ૨૦૨૫, ઓનલાઇન વૈકલ્પિક અને લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેનાર વિધાર્થીઓને ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ અને પ્રથમ ૧૫૦૦૦ વિજેતા વિધાર્થીઓને પ્રોત્સાહનરૂપે ગીતાસાર પુસ્તક આપવામાં આવશે.

મોક રાઉન્ડ : 01/12/2025 | સોમવાર

### પ્રથમ તબક્કો

07/12/2025 | રવિવાર

ઓનલાઇન

સવારે 8 થી રાત્રે 8 વાગ્યા સુધી

7 લાખ વિધાર્થીઓથી વધુ

### દ્વિતીય તબક્કો

14/12/2025 | રવિવાર

ઓનલાઇન

સવારે 8 થી રાત્રે 8 વાગ્યા સુધી

20,000 વિધાર્થીઓથી વધુ

### તૃતીય તબક્કો

21/12/2025 | રવિવાર

ઓફલાઇન

સવારે 10am થી 11am

210+ વિધાર્થી

**આયોજનમાં ઉપસ્થિત મહેમાનશ્રીના વરદ હસ્તે નીચેના ત્રણ ઇનામો ધોરણ ૬ અને ૭ માંથી પ્રથમ ત્રણ, ધોરણ ૮,૯ અને ૧૦ માંથી પ્રથમ ૩ તથા ધોરણ ૧૧ અને ૧૨ માંથી પ્રથમ ૩ એમ કુલ ૯ વિધાર્થીને ઇનામ આપવામાં આવશે.**

પ્રથમ વિજેતા



લેપટોપ

દ્વિતીય વિજેતા



ટેબ્લેટ

તૃતીય વિજેતા



બેગ

**પરીક્ષા માટેની તમામ વિગત આપ સૌને નીચે આપેલ વોટ્સએપ ચેનલમાંથી પ્રાપ્ત થશે.**

JOIN

- વાંચવા માટેનું સાહિત્ય તમને આ ચેનલમાંથી પ્રાપ્ત થશે
- આવનારી બધી જ અપડેટ આ ચેનલથી પ્રાપ્ત થશે
- પરિણામની યાદી પણ આ ચેનલથી પ્રાપ્ત થશે

**એટલે ચેનલ ફરજિયાત જોઇન કરવી**